Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

|| શ્રી ગણેશાય નમઃ ||

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in




વર્ષ : ૨૨ ● અંક : ૨૬ ● સળંગ અંક : ૧૧૧૪ ● પ્રકાશિત તા-૭-૫-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# અમેરિકા-ઈરાન વચ્ચેનું યુદ્ધ અટકે તેવી શક્યતા

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવા માટેના 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને થોડા સમય માટે રોકવાની જાહેરાત કરી છે. ટ્રમ્પના મતે ઈરાન સાથેની વાતચીત હવે અંતિમ સમજૂતી તરફ વધી રહી છે અને તેમાં સારી પ્રગતિ થઈ છે. આ દરમિયાન અમેરિકાએ તેના સૈન્ય અભિયાન 'ઓપરેશન એપિક ફ્યુરી'ને પણ ખતમ કરવાની જાહેરાત કરી છે. વિદેશ મંત્રી માર્ક રુબિયોએ સ્પષ્ટ કર્યું કે અમેરિકા હવે કોઈ નવું યુદ્ધ નથી ઈચ્છતું અને શાંતિના માર્ગે આગળ વધવા માંગે છે.ભલે પ્રોજેક્ટ ફ્રીડમ અટકાવી દેવામાં આવ્યો હોય, પરંતુ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે હોર્મુઝની ખાડી પર અમેરિકાની નાકેબંધી પૂરી રીતે ચાલુ રહેશે. ઈરાનને કડક શબ્દોમાં ચેતવણી આપતા ટ્રમ્પે જણાવ્યું કે અમેરિકાએ ઈરાની નૌકાસેનાને એટલું નુકસાન પહોંચાડ્યું છે કે હવે તેમની પાસે લડવા માટે કોઈ બોટ બચી નથી. આ સાથે જ તેમણે ઈરાનના નાગરિકોના વિરોધ પ્રદર્શન અંગે પણ નિવેદન આપતા હિંસાની આશંકા વ્યક્ત કરી હતી. બીજી તરફ, અમેરિકાએ દાવો કર્યો છે કે તેણે ઈરાનની ૭ નૌકાઓને તોડી પાડી છે, જોકે આ સંઘર્ષમાં ૧૦ સામાન્ય નાવિકોના મોત પણ થયા છે.અમેરિકા દ્વારા ઓપરેશન રોકવાની જાહેરાત થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓઈલની કિંમતોમાં ઘટાડો નોંધાયો છે. અમેરિકન ક્રૂડ ઓઈલની કિંમત આશરે ૨.૧૮% ઘટીને ૧૦૦.૦૪ ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. હાલમાં અમેરિકન વાયુસેનાના એફ૧૬ વિમાનો હોર્મુઝ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. આ સૈન્ય તહેનાતીનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકન સૈનિકોની સુરક્ષા અને વિશ્વમાં ઓઈલનો પુરવઠો ખોરવાય નહીં તે માટે વેપારી જહાજોને રક્ષણ આપવાનો છે.હોર્મુઝની ખાડીમાં વધતા તણાવને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રમાં એક મહત્ત્વનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે.










જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## ઘરેલું એલપીજી બુકિંગના ૧૫ દિવસ બાદ પણ ઘરે નથી આવી રહયા ! ગ્રાહકો પરેશાન

# હોમ ડિલિવરી ઠપ: ગ્રાહકોને સિલિન્ડર માટે એજન્સીઓના ધક્કા

અમદાવાદ શહેરમાં હાલમાં પણ ઘરેલું એલપીજી સિલીન્ડરની જોરદાર તંગી જોવા મળી રહી છે. નોધણી કરાયાના ૧૫ દિવસ બાદ પણ ઘરે સીલીન્ડર પહોચી રહયા નથી. સામાન્ય લોકો ગેસ એજન્સી અને ગોડાઉનનો વચ્ચે ધક્કા ખાઈ રહયા છે. બાટલો ઘરે આવી જશે તેવા અદ્ધરતાલ આશ્વાન સાથે ગ્રાહકો વીલા મોઢે પરત ફરી રહયા છે. સરકારી દાવાઓ વચ્ચે ગ્રાઉન્ડ રિયાલીટી એ છે કે બાટલો પુરો થઈ ગયા પછી ગ્રાહકો ખાલી બાટલો ગેસ એજન્સીઓને લઈને પહોચે અને ભારોભાર હૈયાવરાળ ઠાઈવે ઉગ્ર બની ઝઘડો કરવા મજબુર થાય ત્યાર પછી જ તેને સીલીન્ડર મળે છે અને એ પણ ગેસ એજન્સીઅની ઓફીસે પૈસા ભરે ચિઠ્ઠી મેળવી પછી ગ્રાહકે જાતે ખાલી બાટલો લઈને ગોડાઉનમાં જઈ બાટલો લેવો પડી રહયો છે. ઘેર બેઠા ગેસ સીલીન્ડર પુરા પડવાની સેવા જ જાણે છિનવાઈ ગઈ હોવાની લાગણી ગ્રાહક અનુભવી રહયા છે. ઘરેલું એલપીજીની તંગીથી ત્રસ્ત

### એપ્રિલમાં ૮,૧૧૩ ઘરોમાં, ૨૪૧ કોર્મશીયલ અને ૪ ઔધોગીક એકમોમાં પીએનજી અપાયા

ગ્રાહકોએ હવે પીએનજીના જોડાણ લેવા પડાપડી કરી છે. અમદાવાદમાં એપ્રીલ માસમાં ૧૧,૪૪૪ લોકોએ પીએનજી જોડાણ માટે અરજી કરી હતી. તેમાંથી અત્યાર સુધીમાં ૮,૧૧૩ લોકોના ઘરોમાંપીએનજી જોડાણ આપી દેવાયું છે. બીજી તરફ કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા વધી જતાં કાળાબજારી પુરજોશમાં ખીલી છે. તેવામાં ધંધો ટકાવી રાખવા માટે શહેરમાં એપ્રીલ માસમાં ૨૪૧ કોમર્શીયલ ગેસ સીલીન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા વધી જતાં કાળાબજારી પુરજોશમાં ખીલી છે. તેવામાં ધંધો ટકાવી રાખવા માટે શહેરમાં એપ્રીલ માસમાં ૨૪૧ કોમર્શીયલ એકમોએ પીએનજી જોડાણ માટે અરજી કરી હતી. જેમાંથી ૯૩ એકમોને જોડાણ આવી દેવાયા છે. બીજી તરફ ૧૧ ઔધોગીક એકમોમાંથી ૪ ઔધોગીક એકમોમાં પણ એપ્રીલ માસ દરમ્યાન પીએનજી જોડાણ આપી દેવામાં આવ્યા છે.

## અમદાવાદના ૪ ઝોનમાં ૧૦ દિવસ સુધી પાણી કાપ

અમદાવાદના નાગરિકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ શહેરના મુખ્ય જળ સ્રોત ગણાતા કોતરપુર વોટર વર્ક્સમાં પાણીની આવક ઘટતા અને નર્મદાની મુખ્ય લાઈનમાં નુકસાન થવાના કારણે ૭ મેથી શહેરના અનેક વિસ્તારોમાં પાણી કાપ ઝીંકવામાં આવ્યો છે. આ સમસ્યા માત્ર એક-બે દિવસ નહીં, પરંતુ આગામી ૧૦ દિવસ સુધી યથાવત રહેવાની શક્યતા છે.

કોતરપુર વોટર વર્ક્સમાંથી પાણી મેળવતા શહેરના પશ્ચિમ ઝોન, મધ્ય ઝોન અને ઉત્તર ઝોન તેમજ પૂર્વ અને દક્ષિણ ઝોનના કેટલાક વિસ્તારોનો સમાવેશ થાય છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રો મુજબ, નર્મદાની પાઈપલાઈનમાં કોઈ ટેકનિકલ ખામી અથવા નુકસાન સર્જાયું છે, જેના કારણે કોતરપુર પ્લાન્ટ સુધી પૂરતું પાણી પહોંચી રહ્યું નથી. પરિણામે શહેરમાં પાણીનું દબાણ ઓછું રહેશે અથવા તો નિયત સમય કરતા ઓછું પાણી મળશે.

તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, પરંતુ સંપૂર્ણ પુરવઠો પૂર્વવત થતા અંદાજે ૧૦ દિવસ જેટલો સમય લાગી શકે છે.

## નવા વાડજનું ગૌરવ : ધોરણ ૧૦માં મોનિત દર્શિતકુમાર નાગરની ઉજ્જવળ સફળતા



અમદાવાદ : તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૦ના પરિણામોમાં મોનિત દર્શિતકુમાર નાગરે નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. મોનિતે ૯૮.૮૩ પર્સન્ટાઈલ સાથે ૯૪.૩૩ ટકા મેળવી શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કર્યું છે, જે તેમના પરિશ્રમ અને લગનનું પ્રતિબિંબ છે.

માર્કશીટ મુજબ મોનિતે કુલ ૬૦૦ માંથી ૫૬૬ ગુણ મેળવી શાનદાર પરિણામ મેળવ્યું છે. વિષયવાર પ્રદર્શનમાં સામાજિક વિજ્ઞાનમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ, વિજ્ઞાનમાં ૯૯ ગુણ અને ગણિતમાં ૯૩ ગુણ મેળવી શ્રેષ્ઠતા સાબિત કરી છે. અંગ્રેજી અને ગુજરાતી જેવા ભાષા વિષયોમાં પણ તેણે નોંધપાત્ર ગુણ મેળવી સર્વાંગી વિકાસ દર્શાવ્યો છે.

પરિણામમમાં મોનિતને મોટા ભાગના વિષયોમાં છ૧ ગ્રેડ પ્રાપ્ત થયો છે, જે તેની શૈક્ષણિક કાબેલિયતને ઉજાગર કરે છે. પરિવારજનો અને શિક્ષકવર્ગે તેની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી છે.

મોનિતની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્રોત બની રહી છે. સતત મહેનત, સંકલ્પ અને યોગ્ય માર્ગદર્શનથી કોઈપણ વિદ્યાર્થી ઊંચાઈઓ સર કરી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ મોનિત દર્શિતકુમાર નાગર છે.

## નરોડા વોર્ડના મહિલા કોર્પોરેટરે ચૂંટણીમાં ડોકટરની અનઅધિકૃત ડિગ્રી લીધી હોવાના આક્ષેપ

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ વિજેતા ઉમેદવારોના ખોટા પુરાવાને લઈને વિવાદો સર્જાયા છે. તાજેતરમાં કુબેરનગરના કોંગ્રેસ પક્ષમાંથી જીતેલા મહિલા ઉમેદવાર કલ્પના કોડેકરનું સ્કૂલ સર્ટિફિકેટ ખોટું હોવાનું બહાર આવતાં પોલીસ ફરિયાદ નોંધાઇ છે. હવે નરોડા વોર્ડના ભાજપ પક્ષમાંથી વિજેતા ઉમેદવાર ડો. ચંદાબેન વિઠ્ઠલભાઈ પટેલ વિરુદ્ધ ગંભીર કાયદાકીય આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ દાખલ કરવા પુરાવા સાથે પોલીસ કમિશનર અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં FiR માટે અરજદારે રજૂઆત કરી છે.

મિડીયા રિપોર્ટ મુજબ, અરજદારની લેખિત ફરિયાદ મુજબ, મહિલા કોર્પોરેટરે પોતાની ડોક્ટરની ડિગ્રી સાથે રજૂ કરેલી શૈક્ષણિક લાયકાત અંગે ખોટી માહિતી આપીને મતદારો અને વહીવટી તંત્ર સાથે છેતરપિંડી કરી છે. નરોડા પોલીસે અરજી લઈ વધુ તપાસ હાથધરી છે. અરજદાર જીગરભાઈ સૂર્યકાંતભાઈ વ્યાસના જણાવ્યા અનુસાર,ચંદાબેન પટેલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન રજૂ કરેલા ચૂંટણી એફિડેવિટમાં પોતાની ઓળખ ડોક્ટર તરીકે આપી હતી. બેલેટ પેપર અને પ્રચાર પ્રસારના તમામ માધ્યમોમાં પણ 'ડોક્ટર'શબ્દનો પ્રયોગ કરી મતદારોમાં વિશેષ પ્રભાવ અને વિશ્વાસ ઊભો કર્યો હતો.

જોકે,પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેમની પાસે કોઈ માન્ય યુનિવર્સિટી કે સરકાર માન્ય સંસ્થાની ડોકટરી ડિગ્રી મેળવી હોવાની અધિકૃત ડિગ્રી નથી. આ મામલે અરજદારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે,આરોપીએ જાણીજોઈને ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કર્યો છે. આ કૃત્ય બદલ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) - ૨૦૨૩ની કલમ ૩૧૮ (છેતરપિંડી), ૩૩૬ (ખોટા દસ્તાવેજ બનાવવા), ૩૩૮ (નકલી દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ) અને ૩૪૦ (ખોટી માહિતી આપવી) હેઠળ એફ.આઈ.આર. નોંધવા માગ કરવામાં આવી છે.


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....



અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.
ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અધતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

## બિલ્ડરો અને સોસાયટી સભ્યોમાં ચિંતા

# રીડેવલપમેન્ટ પ્રોજેક્ટોમાં ઠગ ટોળકીઓ સક્રિય?

**બિલ્ડરોને ફોન કરી વિવિધ કારણોસર ધમકાવવા અને કામ ચાલુ રાખવા માટે નાણાંની માંગણી (તોડબાજી) કરવી એ આ ટોળકીનો મુખ્ય એજન્ડા છે. જો બિલ્ડર ઝૂકે નહીં, તો કામમાં અવરોધો ઊભા કરવામાં આવે છે.**

**ગુજરાત હાઉસિંગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને ગાંધીનગર સચિવાલયના વિવિધ વિભાગોમાં પાયાવિહોણી ફરિયાદો કરવામાં આવે છે. મુખ્ય સચિવ, શહેરી વિકાસ મંત્રી અને ધારાસભ્યોના નામે પણ ધમકીઓ આપી અધિકારીઓ પર દબાણ લાવવાના પ્રયાસો**

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

**જો કોઈ આવી ઠગ ટોળકી દ્વારા સોસાયટીના સભ્ય, હોદ્દેદારો કે બિલ્ડરને કોઈ પણ પરેશાની કરતા હોય તો તમે અમારી હેલ્પલાઈન મો : ૯૯૨૪૦૦૪૭૧૪ પર જણાવી શકો છો**

અમદાવાદ : શહેરમાં ચાલી રહેલા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટોને લઈને ચિંતાજનક માહિતી સામે આવી રહી છે. વિવિધ સોસાયટીઓમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે કેટલાક ગેરકાયદેસર તત્વો અને ઠગ ટોળકીઓ સક્રિય બની પ્રોજેક્ટોને અટકાવવાના પ્રયાસો કરી રહી છે. આ પ્રવૃત્તિઓને કારણે બિલ્ડરો, સોસાયટીના હોદ્દેદારો તેમજ રહેવાસીઓમાં અશાંતિ ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, આવી ટોળકીઓ વિવિધ રીતે દબાણ અને અવરોધ ઉભા કરે છે. આરટીઆઈ અરજી કરીને માહિતી મેળવ્યા બાદ બિલ્ડરોને ફોન કરી બ્લેકમેઈલ કરવાની ચર્ચાઓ ઉઠી છે. સાથે જ ગુજરાત હાઉસિંગ બોર્ડ વિરુદ્ધ માહિતી એકત્ર કરી મુખ્યમંત્રી કાર્યાલય સહિત વિવિધ વિભાગોમાં વારંવાર ફરિયાદો દાખલ કરવામાં આવે છે.

રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ ચાલુ હોય તેવા વિસ્તારોમાં ટોળકીઓ સોસાયટીના કેટલાક અસંતુષ્ટ સભ્યોને ગેરમાર્ગે દોરી નાના-મોટા પ્રશ્નોને મોટું રૂપ આપે છે. લોકોમાં ટેન્ડર પ્રક્રિયા અંગે અણસમજ અને ગેરસમજ ફેલાવી "પોઝિટિવ" અને "નેગેટિવ" ટેન્ડરની અધૂરી માહિતી દ્વારા સભ્યોને ઉશ્કેરવાના પ્રયાસો પણ નોંધાયા છે.

સામાજિક માધ્યમો, ખાસ કરીને વોટ્સઅપ ગ્રુપ દ્વારા ખોટી માહિતી ફેલાવીને પ્રચાર કરવો અને અસંતોષ ઊભો કરવો પણ આ પ્રવૃત્તિનો એક ભાગ હોવાનું કહેવાય છે. કેટલાક કિસ્સાઓમાં સોસાયટીના સભ્યોને કોર્ટમાં જવાની સલાહ આપી પ્રોજેક્ટને કાનૂની અટકમાં ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ ઉપરાંત, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખોટી ફરિયાદો નોંધાવવી, ગાંધીનગર સચિવાલયના નામે ધમકી આપવી, તેમજ ઉચ્ચ અધિકારીઓ અને રાજકીય નેતાઓના નામનો ઉપયોગ કરી દબાણ બનાવવાના બનાવોની પણ ચર્ચા છે.

ચોંકાવનારી વાત એ છે કે કેટલીક ચર્ચાઓ મુજબ, ગુજરાત હાઉસિંગ બોર્ડના કેટલાક કર્મચારીઓ અથવા અધિકારીઓ પણ આવી ટોળકીઓ સાથે સંકળાયેલા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે, આ મામલે કોઈ સત્તાવાર પુષ્ટિ હજુ સુધી સામે આવી નથી.

આ પરિસ્થિતિને કારણે અનેક સોસાયટીઓના હોદ્દેદારો અને બિલ્ડરો પરેશાન બની રહ્યા છે અને સરકાર તથા સંબંધિત એજન્સીઓ પાસેથી યોગ્ય તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. રીડેવલપમેન્ટ જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટોમાં આવી ગેરરીતિઓ શહેરના વિકાસને અસર કરે છે. તંત્ર દ્વારા સચોટ તપાસ કરી દોષિતો સામે કડક પગલાં લેવાશે તો જ રહેવાસીઓમાં વિશ્વાસ પુન:સ્થાપિત થઈ શકે.

## ફ્લેટ બુક કરાવનારાઓના કરોડો રૂપિયા સલવાયા

# આવિષ્કાર બિલ્ડકોનના બિલ્ડર વિરૂધ્ધ રેરામાં ૮૦થી વધુ ફરિયાદ

**ઉમંગ ઠકકરે પુત્રવધુને ડિરેકટર બનાવી આવિષ્કાર બિલ્ડકોન કન્સ્ટ્રકશન કંપની શરૂ કરી: રોકાણકારો**

અમદાવાદ : શહેરના ન્યુ વાસણામાં આવિષ્કાર બિલ્ડરકોન દ્વારા એન કે અનંત્યા નામની સ્કીમ લોચ કરવામાં આવી હતી. જેમાં નિયત સમય કરતા વધારે સમય બાદ પણ બુકીગ કરાવનારાને પઝેશન આપવામાં ન આવતા રેરામાં ૮૦થી વધુ લોકોએ ફરીયાદ કરી હોવાના અહેવાલો છે. તેમજ વાસણા પોલીસ સ્ટેશનમાં પણ છેતરપીડીનો ગુનો નોધાવા માટે અરજી કરવામાં આવી છે. ફ્લેટ બુક કરાવનારાઓ બાનાખતમાં ડિસેમ્બર ૨૦૨૩થી જુન ૨૦૨૪ના સમયગાળામાં પઝેશનની ખાતરી આપવામાં આવી હતી. જોકે પઝેશન હજુ સુધી મળ્યા નથી. બિલ્ડર પાસે હાલ નાણાં ન હોવાથી બાંધકામ અટકી ગયાનું કારણ આગળ ધરવામાં આવ્યું છે.

મિડીયા રિપોર્ટ મુજબ, ન્યુ વાસણામાં એન કે અનંત્યા નામનો સ્કીમ લોચ કરવામાં આવી હતી. જેમાં ૧૪ માળના છ ટાવરનું બાંધકામ કરવાનું હતું. આ સમયે ફ્લેટ બુક કરાવીને લોન લઈને ૬૧થી૭૦ લાખ જેટલી રકમ બિલ્ડરને ચુકવી આપવાનાર વ્યકિતઓ સાથે કરવામાં આવેલા બાનાખતમાં ડિસેમ્બર ૨૦૨૩થી માંડીને જુન ૨૦૨૪ સુધીના સમયગાળામાં પઝેશન આપવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ નકકી કરવામાં આવેલી સમય મર્યાદા પણ વિતી જવા છતાંય બાંધકામ પુર્ણ થયું નહોતું. જેથી બિલ્ડરને ૬૫થી૭૦ લાખ જેટલી રકમ ચુકવણી આપનાર વ્યકિતઓએ વ્યાજની માગણી કરી હતી. પરંતુ બિલ્ડરે વ્યાજ આપ્યું નહોતું અને બાંધકામ પણ હજુ કયાં સુધી પુર્ણ થશે ! તે અંગે પણ કોઈ ખાતરી આપવામાં આવી નહોતી. જેથી ૮૦થી વધુ લોકોએ રેરામાં આવિષ્કાર બિલ્ડકોન તેમજ બિલ્ડર વિરૂધ્ધ ફરીયાદ કરતા શનીવારે હીયરીગ શરૂ કરવામાં આવી હતી.

રિપોર્ટ મુજબ, આ ઉપરાંત વાસણા પોલીસ સ્ટેશનમાં બિલ્ડર વિરૂધ્ધ છેતરપીડીની ફરીયાદ નોધવા માટે અરજી કરવામાં આવી છે. આ સ્કીમમાં ઉમંગ ઠકકરના પુત્ર નીલ ઠકકના પત્ની અસ્મિતા ડાયરેકટર હોવાથી ફ્લેટ બુક કરાવનારાને હવે આશંકા છે. કે તેમના નાણાં આ સ્કીમમાં ફસાઈ ગયા છે. અને તેમના નાણાનો ઉપયોગ અન્ય સ્થળે કરાયો છે. બીજી તરફ રોકાણકારોને જણાવ્યું કે તે ઓફીસ જઈને તપાસ કરે ત્યારે ત્યાં હાજર સ્ટાફ કહે છેકે હાલ કંપની પાસે નાણાં નથી જેથી બાંધકામ અટકી ગયું છે. ટાવર પૈકી ત્રણ ટાવરમાં વાયરીગ ફલોરીગ સહીતની કામગીરી બાકી છે. જે પુર્ણ થવામાં પણ હજુ લાંબો સમય પસાર થઈ શકે છે. ત્યારબાદ નાણાં આવતા બાકીના ત્રણ ટાવર ની બાંધકામની કામગીરી થઈ શકશે. આમ અનેકલોકોનું પોતના ઘરનું સ્વપ્ન હાલ રોળાઈ ગયું છે. અને આર્થિજ્ નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

# અમદાવાદમાં ડિજિટલ હેલ્થ તરફ ડૉક્ટર્સનું મહત્વપૂર્ણ પગલું: IMA દ્વારા નેશનલ માસ્ટરક્લાસનું આયોજન




અમદાવાદ : આરોગ્યસેવામાં આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધારવા અને ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) હેડક્વાર્ટર અને IMA ગુજરાત સ્ટેટ બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં "ડિજિટલ હેલ્થ માસ્ટરક્લાસ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ૧૦ મે ૨૦૨૬ના રોજ આશ્રમ રોડ સ્થિત અમદાવાદ મેડિકલ એસોસિએશન હોલ ખાતે યોજાશે.

રિપોર્ટ મુજબ, "Digital Health – Now a Necessity: From Awareness to Accessible & Affordable Implementation" થીમ આધારિત આ માસ્ટરક્લાસનો મુખ્ય ઉદેશ ડૉક્ટર્સ અને હેલ્થકેર સંસ્થાઓને Hospital Management Information Systems (HMIS) અને Electronic Medical Records (EMR) જેવી ડિજિટલ વ્યવસ્થાઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ વર્કશોપ દરમિયાન દર્દી સંભાળમાં ગુણવત્તા સુધારવા, કામગીરીમાં ઝડપ અને પારદર્શિતા વધારવા તેમજ આરોગ્ય સંસ્થાઓના આર્થિક પ્રદર્શનને મજબૂત બનાવવાના મુદ્દાઓ પર ચર્ચા થશે. સાથે સાથે National Accreditation Board for Hospitals & Healthcare Providers (NABH) ડિજિટલ હેલ્થ સ્ટાન્ડર્ડ્સ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતો ડો. નરેન્દ્ર સૈની અને ડો. નારાયણ પેન્ડસે ઉપસ્થિત રહીને ડિજિટલ હેલ્થ ક્ષેત્રના તાજેતરના ટ્રેન્ડ્સ અને અમલીકરણ અંગે માર્ગદર્શન આપશે.

આ પ્રસંગે અમદાવાદ મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો. જીગ્નેશ શાહે જણાવ્યું હતું કે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન હવે આરોગ્યક્ષેત્ર માટે અનિવાર્ય બની ગયું છે અને આ પ્રકારના કાર્યક્રમો ડૉક્ટર્સને ભવિષ્ય માટે તૈયાર કરવામાં મદદરૂપ બનશે. માનદ સચિવ ડો મૌલિક શેઠએ ખાસ કરીને નાના અને મધ્યમ હોસ્પિટલો માટે આ વર્કશોપને ઉપયોગી ગણાવ્યો અને જણાવ્યું કે ડિજિટલ સિસ્ટમ્સના અમલીકરણ માટે આ એક પ્રાયોગિક માર્ગદર્શિકા પૂરું પાડશે.

આ કાર્યક્રમ ખાસ કરીને ડૉક્ટર્સ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર્સ, મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ્સ અને હેલ્થકેર લીડર્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન મફત છે, પરંતુ ફરજિયાત રાખવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ડૉક્ટર્સ અને આરોગ્યક્ષેત્રના નિષ્ણાતોની હાજરી અપેક્ષિત છે.

શહેરના અનેક વિસ્તારોમાં રાતના સમયે ટ્રાફિકની વકરતી સમસ્યા

# નહેરૂબ્રિજ સહિતના ચાર રસ્તાઓ પર રાતના સમયે ટ્રાફિક જામથી વાહનચાલકોને હાલાકી


અમદાવાદ : શહેરમાં હાલ ટ્રાફીક સમસ્યા સૌથી મોટો પડકાર છે. ત્યારે વિવિધ ટ્રાફીક પોઈનટ પર દિવસમાં પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવે છે. પરંતુ શહેરમાં અનેક પોઈન્ટ રાતના સમયે ટ્રાફીક જામની સ્થિતી નિયમીત રીતે ઉભી થતી હોય છે. જેથી રાતના સમયે પોલીસ દ્વારા ટ્રાફીકનું સંચાલન કરવામાં આવે તે જરૂરી છે. તેમજ શહેરમાં અનેક સ્થળોએ ચાની કીટલી અને ખાણીપીણીના સ્ટોલની આસપાસ થતા ટ્રાફીકની સમસ્યામાં પણ વધારો થયો છે. અમદાવાદમાં હાલ સૌથી વધારે ટ્રાફીકની સમસ્યા પોલીસ માટે સૌથી મોટો પડકાર છે. જે અનુસંધાનમાં પોલીસે વિવિધ એકશન પ્લાન અમલમાં મુકે છે. જેના કારણે ઘણે અંશે સફળતા મળી છે. પરંતુ ટ્રાફીક પોલીસનો સ્ટાફ મોટાભાગના ટ્રાફીક પોઈન્ટ પર માત્ર રાતના નવ થી૧૦ વાગ્યા સુધી જ ડયુટી પર હોય છે. ત્યારબાદ કેટલાક ટ્રાફીક જંકશન પર સીગ્નના આધારે સંચાલીત થાય છે. જયારે ૧૦ વાગ્યા બાદ બંધ થતા ટ્રાફીક સિગ્નલના આધારે સંચાલીત થાય છે. પરીમલ ગાર્ડન પાંજરાપોળ ચાર રસ્તા તેમજ રાણીપ સહીતના ટ્રાફીક જંકશન પર રાતના સમયે ભારે ટ્રાફીક જામની સ્થિતી સર્જાય છે. જેમાં પરીમલ ગાર્ડન પાસે સૌરાષ્ટ્ર તરફ જતી બસ અને આડેધડ પસાર થતા વાહનોને કારણે અનેકવાર ૨૦થી૨૫ મીનીટ સુધી વાહનચાલકો ટ્રાફીકમાં ફસાઈ છે. આ ઉપરાંત, નહેરૂબ્રીજ પરની સમસ્યા સૌથી વિકટ છે. જેમાં નિયમીત રીતે રાતના ૧૧ વાગ્યા પછી ટ્રાફીક જામ રહે છે. ત્યારે અમમદાવાદ શહેર ટ્રાફીકની સમસ્યા દિવસમાં જ નહી પણ રાતના સમયે પણ જોવા મળી રહી છે. જેથી ટ્રાફીક પોલીસને રાતના સમયે પણ કેટલાંક પોઈન્ટ પર હાજર રાખવા જરૂરી છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**










Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.